# શાળાએ જવાના રૂટ અંગે વિદ્યાર્થીઓ-વાલીઓમાં મુંઝવણ

## વાઈબ્રન્ટના લીધે રૂટમાં ફેરફાર થતા સ્કૂલવર્ધીના વાહનચાલકોમાં પણ અસમંજસ : વૈકલ્પિક વ્યવસ્થા મુજબના રૂટનો ઉપયોગ કરવા સૂચના

ગાંધીનગર, તા. ૬

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશના મહાનુભાવોની અવર-જવરને ધ્યાને લઈ આમ નાગરિકો માટે રસ્તાઓના અમુક રૂટ બંધ કરી દેવાયા છે. જેના પરિણામે સ્કૂલ વર્ધીના વાહનો અને શાળાએ જતા વિદ્યાર્થીઓને કયા રસ્તે સ્કૂલે મોકલવા તે મામલે વાલીઓ પણ અસંમજસમાં મુકાયા છે. એકબાજુ સ્કૂલ વર્ધીને જવા દેવાની છૂટ આપવામાં આવી હોવાનુ મનાઈ રહ્યું છે. જ્યારે આ સિવાય વૈકલ્પિક વ્યવસ્થા મુજબ ખુલ્લા મુકાયેલા 'ચ' માર્ગનો ઉપયોગ કરવા પણ નિર્દેશ કરાતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરંતુ શાળા સંચાલકો, શિક્ષકો અને વાલીઓ સહીત સ્કૂલ વર્ધીના ચાલકો પણ શાળાએ પહોંચવા કયો રાહ અપનાવે તે મામલે મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ છે. મોટાભાગના શૈક્ષણિક સંકુલો 'ઘ' માર્ગ પર સ્થિત છે. બીજીતરફ જિલ્લા શિક્ષણતંત્ર કક્ષાએથી પણ આ અન્વયે કોઈ સૂચના જારી ન થતા વાઈબ્રન્ટ દરમિયાન શાળાએ સમયસર પહોંચવા કયો રસ્તો અપનાવવો તે અંગે પણ અનેક સવાલો મંડરાઈ રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મુખ્ય ખ-૦ થી ખ-૫ અને 'જ' માર્ગ સદંતર બંધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ચ-માર્ગ સંપૂર્ણ ખુલ્લો રહેશે. જ્યારે ગ-૩ થી ગ-૫, ઘ-૩ થી ઘ-૫ સુધીનો માર્ગ બંધ રહેશે. શાળાએ જવા માટે પણ વિદ્યાર્થીઓ વાલીઓ અને સ્કૂલ વર્ધીના વાહનોએ પણ વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરી અવર-જવર કરવાની રહેશે. શહેરની હીલવૂડ સહીતની અમુક ખાનગી શાલાઓમાં વાઈબ્રન્ટને અનુલક્ષી વેકેશન જાહેર કરી દેવાયુ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. વધુમાં વાઈબ્રન્ટના લીધે રૂટમાં ફેરફાર થતા શાળાએ નિયત સમય કરતા મોડા આવનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઠપકો ન આપવા પણ અમુક શાળાઓના આચાર્યોએ સૂચના આપી છે.



વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ તથા પ્રવાસી ભારતીય દિવસને પગલે ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આગમન થનાર છે. તેમના અવર-જવરના રૂટ તથા પાયલોટીંગ-કોન્વોય-એસ્કોટીંગ સહિતની તમામ બાબતોમાં કોઈ કચાસ કે ખામી ન રહે તેના ભાગરૂપે આજે રૂટ પર પોલીસ દ્વારા રીહર્સલ કરવામાં આવ્યું હતું.

## વડીલોને વંદન અભિનંદન



કનુભાઈ એમ. પરમાર (૧૯૪૫) મો. ૯૪૨૭૩૩૭૦૦૭



નલિની લાભશંકર વ્યાસ (૧૯૨૯) મો. ૯૩૭૭૨૯૮૫૧૨

# ગુજરાતનુ દેવું વધીને બે લાખ કરોડ પહોંચશે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે, ખૂબ મોટી લોભામણી જાહેરાત કરીને ગાંધીનગરમાં બેઠેલી ભાજપની સરકાર જેને પ્રજાએ મત દીધા તેને ૧૭ વર્ષથી છેતરી રહી છે. ભાજપની સરકારના બધા જ વચનો ગાંધીનગરમાં અને ભાત સરકારમાં ઠાલા અને પોકળ સાબિત થયા છે. ગુજરાત નં. ૧ ની ગુલબાંગો હાંકવાવાળી ભાજપની સરકાર આજે દિલ્હીમાં પણ ૭ મહિનાથી શાસન કરી રહી છે. ગુજરાતની પ્રજાને આપેલાં વચનો અને દેશની જનતાને લોકસભાની ચૂંટણી વખતે આપેલાં વચનો એ ખાલી ખોટા અને મોટા વાયદા હતાં, ફક્ત મત પડાવી લેવાની તરકીબ હતી. મતદારોને ઘેનમાં રાખવા રોજેરોજ નવા મુદ્દા કહેવા ટેવાયેલી ભાજપની સરકારે કમ સે કમ ગુજરાતના લોકોને આપેલા વચનોનો જવાબ આપવો જ રહ્યો.

વિરોધપક્ષના નેતાશ્રીએ જણાવ્યું હતું કે, ૧૯૬૦માં બનેલુ ગુજરાત આજે ૨૦૧૪માં દેવાના ડુંગર નીચે દબાયેલુ છે. દેશમાં દેવુ કરવામાં ગુજરાત નંબર ૧ બને તો નવાઈ નહી, લગભગ ૨ લાખ કરોડ રૂપિયાનું દેવું સામે દેખાય છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આને ગંભીર ગણાવ્યુ છે. કોઈપણ સરકારમાં પ્રજા પહેલી હોય અને આગેવાનો પછી હોય ત્યારે ભાજપના શાસનમાં ફક્ત વ્યક્તિ અને પક્ષની પ્રસિદ્ધિ સિવાય પ્રજાનું નામ ક્યાંય દેખાતુ નથી.

ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું નામ આપ્યુ, સૌને એમ કે આ મંદિરમાં મૂર્તિ હશે અને મૂર્તિની પૂજા થતી હશે, પરંતુ હકીકતમાં આજથી ૧૧ વર્ષ ૨૦૦૩ મહાત્મા મંદિરનું ખાલી ખોખુ ઉભું કરેલું અને કરોડો રૂપિયાના સેટ (સિનેમાની જેમ) બનાવીને આ મહાત્મા મંદિરમાં મૂર્તિ નહીં પણ વ્યક્તિની અને પક્ષની પૂજા થઈ રહી છે. વાયબ્રન્ટનો શું અર્થ થાય એ માટે કમ સે કમ ભાજપની સરકારે ૧૨ વર્ષે તો કહેવું જોઈએ. હકીકતમાં પ્રજાને ભોટ બનાવ્યા સિવાય આમાં બીજુ કાંઈ નથી. બહારથી મોટા-મોટા કરોડપતિઓને બોલાવીને તેમના ઉપર સુખી ગુજરાતની છાપ પાડવા માટે રોડ ઉપર લાખો રૂપિયાના ઝાડ ઉભા કર્યા, જે આજે સુકાઈ ગયા છે. લાખો રૂપિયાના નાના-મોટા છોડ ઉભા કર્યા હતા, જે આજે ક્યાંય શોધ્યા જડતા નથી. રસ્તાઓ અને ફૂટપાથો રંગી હતી, તે આજે ફરીથી રંગાઈ રહી છે. રોશની કરવાના કારણે વીજળીના કરોડો રૂપિયાના બિલ ગુજરાતની ભોળી પ્રજા ભરી રહી છે. એક નિષ્ણાતના એએસમેન્ટ પ્રમાણે રાજ્યમાં ૫ મી જાન્યુઆરી, ૨૦૧૫ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૧૫ સુધી જે મિલિયન યુનિટ વીજળીનો વપરાશ થવાનો છે તે કપાસ પકવતા ખેડૂતોની આત્મહત્યા પરની રોશની છે, કારણ કે રાજ્યમાં ૯૫૦૦૦ ખેતકૂવા ઉપર વપરાતી ૧૫,૦૦૦ મિલિયન યુનિટ જેટલી વીજળીનો હિસાબ કપાસના વિસ્તાર જોડે કરવામાં આવે તો કપાસના ઉત્પાદન પાછળ વપરાતી વીજલીનું બિલ આ વાયબ્રન્ટ સમિટ દરમ્યાન વપરાતી વીજળીના બિલ કરતાં ઓછુ થાય. જો આ વીજળીના બિલ જેટલી રકમની રાહત ખેડૂતોને આપી હોત તો આપઘાત નિવારી શકાત. ભાજપની સરકાર આવો ભપકો ન કરે તો જ નવાઈ ? ગુજરાતની પ્રજા ઉપર રૂપિયા બે લાખ કરોડ કરતાં વધારે દેવુ, ૧૦ લાખ કરતાં વધુ બેકારો અને આટલા બધા વાયબ્રન્ટ કરવા છતાં માત્ર ૯.૫ ટકા જેટલુ જ ઈમ્પ્લીમેન્ટ કે જે બે આંકડામાં પણ થતું નથી. ગાંધીનગર ખાતે ઉદ્યોગ ભવનમાં જે રોશની કરવામાં આવી છે તેના એક બલ્બનું એક દિવસનું ભાડુ રૂ. ૧.૮૦ ચુકવવામાં આવી રહ્યું છે. તેની સામે આ બલ્બની કિંમત રૂ. ૩ જેટલી છે. આમ, બલ્બની કિંમત કરતાં ભાડુ વધારે છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિરવાળો વિસ્તાર શાના માટે શણગારવામાં આવે છે ? આમ, બલ્બની કિંમત કરતાં ભાડુ વધારે છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિરવાળો વિસ્તાર શાના માટે શણગારવામાં આવે છે ? આટલી રોશની શાના માટે ? કોના માટે ? શું વડાપ્રધાનની ઘરવાપશી માટે છે ?

# સેક્ટર-૧૯માં ઈજનેરના બંધ બંગલામાં શોર્ટસર્કિટથી આગ

ગાંધીનગર, તા. ૬

આરએન્ડબીમાં સુપ્રિટેન્ડન્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા અધિકારીના સે. ૧૯ ખાતે સ્થિત બંગલામાં આજે સવારના અરસામાં અચાનક શોર્ટ સર્કીટથી આગ ભભુકી ઉઠી હતી. બંગલામાંથી ધુમાડાના ગોટા નીકળતા પડોશીએ ફાયરબ્રિગેડ અને ઈજનેરને જાણ કરતાં બંને સ્થળ પર આવી પહોંચ્યા હતા અને ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે કોઈ જાનહાની કે મોટી માલહાની થવા પામી નથી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૯ જી-ટાઈપ બંગલા નં. ૧૬૦/૩ ખાતે રહેતા અને રોડ એન્ડ બિલ્ડીંગમાં સુપ્રિટેન્ડેન્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા કિરીટભાઈ એમ. પટેલ આજે સવારે વાઈબ્રન્ટ અનુસંધાને ઓફીસ ગયા હતા. તેમના પત્નિ અને દિકરો પણ બહાર હોવાથી બંગલાને તાળુ હતુ. તે દરમ્યાન સવારે સાડા દસ વાગ્યાના અરસામાં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ ભભુકી ઉઠી હતી. બંગલામાંથી કાળા ડિબાંગ ધુમાડાના ગોટા નીકળતા પડોશીઓએ કિરીટભાઈ પટેલને અને ફાયર બ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ નિયંત્રણમાં લઈ લીધી હતી. આ આગ દુર્ઘટનામાં એલ.ઈ.ડી. ટીવી, ટેબલ તથા શૉ-કેસ બલીને ખાખ થઈ ગયું હતું. સદ્‌ભાગ્યે કોઈ જાનહાની થવા પામી નથી.

# ગાંધીનગરમાં ચાર ગામ વિશા ખડાયતા વણિક કેળવણી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ચાર ગામ વિશા ખડાયતા વણિક કેળવણી સમિતિની મીટીંગ તા. ૪થી જાન્યુઆરીએ ગાંધીનગરના સે-૨૧ ખાતે આવેલ જીમખાનામાં યોજવામાં આવી હતી. આ મીટીંગ સંસ્થાના પ્રમુખ પ્રવિણભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેનું આયોજન મહેન્દ્રભાઈ શાહ દ્વારા કરાયું હતું.

આ મીટીંગમાં અમદાવાદ એકમના મંત્રી અશોકભાઈ શાહ તેમજ ગાંધીનગર, વડોદરા, સુરત, આણંદ, સારસા, ઓડ વગેરેના કારોબારી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર સમસ્ત ખડાયતા સમાજના પ્રમુખ ડી.એફ. શાહ અને ઉપપ્રમુખ જિતેન્દ્ર શાહે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ મીટીંગમાં ખડાયતા સમાજના જરુરીયાત મંદ સભ્યને ગુપ્ત રીતે અનાજ વિતરણ, ભણતા બાળકને સ્કોલરશીપ અને ચોપડાનું વિતરણ વગેરે અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. આ ઉપરાંત સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવા બાબતે ભાર મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા પંકજ શાહ, બેલા શાહ અને દિલીપ શાહે જહેમત ઉઠાવી હતી.

# યુવાનોના કૌશલ્ય અનુરૂપ રોજગારી માટે રાજ્ય સરકાર દૃઢ નિશ્ચયી

ગાંધીનગર, તા.૬

રાજયના ઊર્જા અને નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના **Make in India** ના અભિયાનને કારણે દેશના ઉદ્યોગોને એક નવી જ દિશા મળી છે જયારે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગતિશીલ ગુજરાતને વિકાસની એક નવી જ પરિભાષા સાંપડી છે ત્યારે યુવા માનવબળને રાજયમાં યોગ્ય રોજગારી મળી શકે તે માટે રાજયની નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫માં રાજય સરકારે આ ક્ષેત્રે ખાસ ધ્યાન આપ્યું છે. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યુ હતુ કે, કૌશલ્યવાન યુવા માનવબળને અનુરૂપ રોજગારી મળી રહે તે માટે રાજયમાં આવતા રોજગારલક્ષી ઉદ્યોગોને સહાય કરવા માટેની ખાસ યોજના નવી ઓદ્યોગિક નીતિ દ્વારા અમલમાં મૂકી છે.

મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, રાજયમાં ટેકનિકલ અને ઉચ્ચ શિક્ષણની સુવિધાઓનો લાભ મેળવી, વધુને વધુ કૌશલ્યવાન બની જુદા જુદા ઉદ્યોગોમાં યુવાનો વધુને વધુ રોજગારી મેળવે તે માટે રાજય સરકાર દૃઢ નિશ્ચયી છે.

યોજના અંતર્ગત પાત્ર ઉદ્યોગો : ● ગારમેન્ટ એપરેલ અને મેઈડઅપ ઈન્ડસ્ટ્રીઝ-૩૦૦ વ્યક્તિ ● એગ્રો અને ફૂડ -નેસેસીંગ - ૧૦૦ વ્યક્તિ ● એસેમ્બલી એન્ટરપ્રાઈઝ - ૧૦૦ વ્યક્તિ

આ યોજના અંતર્ગત વિસ્તુતીકરણ માટે પણ સહાય આપવામાં આવશે.

આવા રોજગારલક્ષી ઉદ્યોગોને નવી ઔદ્યોગિક નીતિ -૨૦૧૫ અંતર્ગત જે સહાય-પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે તે આ મુજબ છે.

● રોજગારલક્ષી ઉદ્યોગોને લોન પરના વ્યાજમાં ૭ ટકા અથવા રૂ. ૧ કરોડ સુધીની વ્યાજ સહાય પાંચ વર્ષ માટે આપવામાં આવશે

● ઔદ્યોગિક એકમે ભરેલી નેટ ટેક્ષની રકમનું ૭૦ ટકા રીફન્ડ પાંચ વર્ષ માટે આપવામાં આવશે એટલું જ નહી, રીફંડ મૂડીરોકાણના ૮૦ ટકા સુધી અપાશે

● આવા એકમો રોજગારી આપે તેમાં પ્રતિ માસ રૂ. ૧૨૦૦ અને મહિલા કર્મચારી માટ વધારાના રૂ. ૩૦૦ વધારે એટલે કે રૂ.૧૫૦૦ પ્રતિ માસ પે રોલ સહાય પાંચ વર્ષ માટે આપવામાં આવશે. એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ સ્કીમમાં સામેલ થનારા એકમો જ લાભપાત્ર. મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ હતું કે, આવા પ્રકારના અન્ય ક્ષેત્રોના ઉદ્યોગોની રોજગારી ક્ષમતાને ચકાસીને જે ઉદ્યોગો રોજગારલક્ષી હશે તેને પણ આ યોજના અંતર્ગત પાત્ર ઉદ્યોગની યાદીમાં ઉમેરવામાં આવશે. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, સરકાર રાજયના ઔદ્યોગિક વિકાસ ઉપર તો ધ્યાન આપે જ છે પરંતુ રોજગારલક્ષી ઉદ્યોગો માટે સવિશેષ કાળજી રાખે છે તે વાત નવી ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ પરથી સાબિત થઈ છે.

# બનાસકાંઠા ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો સપાટો ૧૨૭ મેડીકલ સ્ટોર્સના લાયસન્સ સસ્પેન્ડ

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ કચેરી અને અન્ય જિલ્લામાંથી આવેલ ડ્રગ ઈન્સ્પેક્ટર સહિતની ટીમે સામુહિક રીતે બનાસકાંઠા જિલ્લાના મેડિકલ સ્ટોરો પર તપાસનો ધમધમાટ શરૂ કરી ભારે સપાટો બોલાવ્યો હતો અને મેડિકલ સ્ટોરના નિયમોનું છડેચોક ઉલ્લંઘન





કરનાર મેડીકલ સંચાલકો સામે કાર્યવાહી કરી હતી. જેમાં ૧૬ મેડિકલ સ્ટોર્સના લાયસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ફુડ એન્ડ ડ્રગ વિભાગની કચેરીના ડ્રગ ઈન્સ્પેક્ટર તેમજ બહારના જિલ્લામાંથી આવેલ ડ્રગ ઈન્સ્પેક્ટર સહિતની ટીમ દ્વારા સામુહિક રીતે બનાસકાંઠા જિલ્લાના મેડીકલ સ્ટોર પર ચકાસણી હાથ ધરવામાં આવતા અલગ-અલગ રીતે મેડીકલ સ્ટોરના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ અને ફાર્માસીસ્ટ વગર દવાઓનું વેચાણ કરવામાં આવતુ હોવાના મુદ્દે તપાસ દરમ્યાન સૌંદર્ય પ્રસાધન ધારો ૧૯૪૦ હેઠળ કાર્યવાહી હાથ ધરીને ૧૬ મેડીકલ સ્ટોર્સના લાયસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે. જેઓને ચકાસણી બાદ નોટીસ પાઠવવામાં આવી હતી. જેમાં સંતોષકારક જવાબ ન મળતાં લાયસન્સ રદ કરવામાં આવ્યા છે. જ્યારે ૧૨૭ મેડીકલ સ્ટોર્સના લાયસન્સ ૩ થી ૩૦ દિવસ માટે મોકુફ કરવામાં આવ્યા છે. દરમ્યાન ૨૮ મેડીકલ સ્ટોર્સમાં લાયસન્સ મેળવ્યા બાદ ફાર્માસીસ્ટના અભાવે સંચાલક દ્વારા લાયસન્સ પરત જમા કરાવી દીધા છે. તે ઉપરાંત તપાસ દરમ્યાન ૬૨ મેડીકલ સ્ટોર્સના સંચાલકોએ પણ ફાર્માસીસ્ટ ન મળવાથી લાયસન્સ કેન્સલ કરાવ્યા છે તેમ બનાસકાંઠા ફુડ એન્ડ ડ્રગ વિભાગ આસી. કમિશનર ડી.ડી. શાહે જણાવ્યુંહતું. અત્રે ઉલ્લેખનીય છે કે ફાર્માસીસ્ટ એસોસીએશન દ્વારા બનાસકાંઠા જિલ્લામાં બિનઅધિકૃત રીતે ચાલતા મેડીકલ સ્ટોર્સ સંદર્ભે રેલી યોજી હતી અને કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. આમ, બનાસકાંઠા જિલ્લામાં ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા મેડીકલ સ્ટોર્સના સંચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં હજુ પણ વધુ મેડીકલ સ્ટોર્સના સંચાલકો સામે કાર્યવાહી થાય તેવી સંભાવના છે.

# યુવાનોના 'ઈનોવેટિવ આઈડિયા' સર્જશે ગતિશીલ ગુજરાતની શ્રેષ્ઠ આવતીકાલ

ગાંધીનગર, તા.૬

રાજય સરકારે વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫ પહેલાં જાહેર કરેલી નવી ઔદ્યોગિક નીતિ અનુસાર રાજયના **MSME** એકમોને વિશેષ પ્રોત્સાહનો આપ્યા છે, સાથે સાથે રાજયના શિક્ષિત યુવાનોના નવપ્રવર્તક વિચારો-ઈન્નોવેટિવ આઈડિયાને પણ રાજયના વિકાસ સાથે જોડવા શ્રેષ્ઠ પ્રોત્સાહન આપ્યું છે. જેના કારણે રાજયના યુવાનોના ઈન્નોવેટિવ આઈડિયા વાસ્તવિક સ્વરૂપ ધારણ કરે તે માટે હવે રાજય સરકાર પ્રોત્સાહક નીતિઓ દ્વારા ઉદ્દીપકનું કાર્ય કરશે. યુવા નવસંશોધકોના સંશોધનો-વિચારો ઉદ્યોગો સાથે જોડાઈને રાજયની ઉત્પાદન પ્રક્રિયાને વધુ સક્ષમ, સુદૃઢ અને સ્પર્ધાત્મક બનાવે એટલું જ નહીં ગુજરાત આવા નવઉત્પાદનોનું વૈશ્વિક નેતૃત્વ લે તે માટેનો રાજય સરકારનો આ પ્રયાસ છે તેમ પણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ હતું.

વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપડેલા **Make in India** ના સપનાંને ચરિતાર્થ કરવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના કર્મઠ નેતૃત્વામાં ગતિશીલ ગુજરાતે પુરુષાર્થ આદર્યો છે. આવા સંજોગોમાં ગુજરાતનો વિકાસ એ કર્મસુત્રને સાકાર કરવા ગુજરાતે નવયુવાનોના ઈન્નોવેટિવ આઈડિયાને મૂર્ત સ્વરૂપ આપવા નવી ઔદ્યોગિક નીતિ દ્વારા સંકલ્પ કર્યો છે. રાજય સરકારે આ માટે નવી સ્ટાર્ટ અપ યોજના પણ અમલમાં મૂકી છે.

રાજયના નાણાં અને ર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આ નવી સ્ટાર્ટ અપ યોજના અંગે જણાવ્યુ હતું કે, યુવાનોના ઈન્નોવેટીવ આઈડિયાને જરૂરી એવા શ્રેષ્ઠ પ્રોત્સાહનો આપીને રાજય સરકાર ગતિશીલ ગુજરાતની શ્રેષ્ઠ આવતીકાલના સર્જન માટે કટિબદ્ધ છે ત્યારે આ નવી સ્ટાર્ટ અપ યોજના યુવાનોના આવા સંશોધન-આઈડિયાને વાસ્તવિરૂપ આપવાનું પ્લેટ ફોર્મ બનશે.

## ભારતીય તત્વજ્ઞાન મંદિર મોડાસાએ અરવલ્લી જિલ્લાની નદીઓ નિરંતર પ્રવાહ માટે કલેકટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા.૬

ગુજરાત રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા ૧૮ ડિસેમ્બરએ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં યોજાયેલ રવિ કૃષિ મહોત્સવમાં અરવલ્લી જિલ્લાના ડેમ અને નદીઓમાં સતત પાણીનો પ્રવાહ ચાલુ રહે એટલા માટે રૂપિયા ૪૦૫.૬૯ કરોડના ખર્ચે બનેલી નર્મદા નદીનું પાણી અરવલ્લી જિલ્લાના જળાશયોમાં ઠલવાય એ માટે લોકાર્પણ કર્યું હતું. જેના અનુસંધાને અરવલ્લી જિલ્લામાં આવેલ ભારતીય તત્વજ્ઞાન મંદિર મોડાસા સંશોધન કેન્દ્ર માન્ય શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. વેરાવળના સદસ્યોએ અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપ્યું હતું. જેમાં મુખ્યત્વે અરવલ્લીના પચડોવી અને તેના દ્વારા પ્રાદુર્ભુત જલના અલૌકીક પ્રવાહથી પ્લાવિત છે. તેમજ વિવિધ જગ્યાએ બંધ બાંધવામાં આવે છે. જેનાથી જલસ્ત્રાવોનું સરિતા પ્રવાહ બંધ થયો છે. જેનાથી પ્રાકૃતિક વાતવરણ નષ્ટ થયું છે. જેનાથી પર્યાવરણને ખુબ જ નુકશાન થાય છે જેથી નર્મદા નદીમાં ભગીરથ પ્રવાહનો લાભ અરવલ્લી જિલ્લાની માઝુમ, મેશ્વો અને વાત્રક નદીને મળે તો નદીઓ શુધ્ધ રહેશે અને વાતાવરણ પણ સુંદર બનશે તેમજ માઝુમ કાંઠે આવેલા મોડાસાના મધ્યમાંથી વહેતી નદી ગામને સ્વચ્છ બનાવશે જેમાં અરવલ્લી કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું.

## પ્રદર્શનનો પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે અનામત રાખવામાં આવ્યું છે. જયાં કેન્દ્ર સરકારના મંત્રીઓ રાજય સરકારો જાહેર ક્ષેત્રના એકમો નાણાંકીય સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો અને એસએસઆઈ માટે અનામત રાખવામાં આવી છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ખાતેના મોટા ભાગના અમુક પેવેલિયન્સમાં પ્રવાસી ભારતીય દિવસ પેવેલિયન એજયુકેશન એન્ડ નોલેજ પેવિલિયન સંરક્ષણ અને ઉર્જા પેવિલિયન હેલ્થ કેર પેવેલિયન આયુર્વેદ પેવિલિયન અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર કન્સ્ટ્રકશન એન્ડ રિયલ એસ્ટેટ પેવિલિયન રાજયના વિવિધ વિભાગો બોર્ડસ નિગમો અને પીએસયુ પેવિલિયન અગ્રો પેવિલિયન ઓટોમોબાઈલ્સ બેન્કિંગ ફાઈનાન્સ પેવિલિયન એફઆઈએ જીસીસીઆઈ મહિલા પાંખ સહીતના પેવિલિયનનો સમાવેશ થાય છે.

આ પ્રદર્શનમાં ૧૫૦થી વધુ દેશોમાંથી આવેલા ૨૫૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ મંડળો અને ૨ મિલિયન લોકો મુલાકાત લે એવો અંદાજ છે. સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી કે જે એકતાનું પ્રતિક છે અને તેનું નિર્માણ સમગ્ર ભારતમાંથી એકત્ર કરાયેલા લોખંડથી થશે. વિવિધ થીમ્સ અને રાજય સરકાર દ્વારા ધ્યાનમાં લેવાયેલા વિકાસક્ષેત્ર પર આધારિત એક લેસર શૉનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ચ-માર્ગ સંપૂર્ણ ખુલ્લો રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમીટના આમંત્રિતોના વાહનો, સરકારી વાહનો અને ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીશ્રીઓના ખાનગી વાહનો સિવાયના તમામ ખાનગી વાહનોની અવર-જવર ઉપર પણ જિલ્લા કલેકટરશ્રીએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

તેમજ તા.૦૭ થી ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી સેકટર-૧૭, હેલીપેડ ખાતે એકઝીબીશન યોજાનાર છે. જેમાં ભારતના માન. વડાપ્રધાનશ્રી તેમજ આમંત્રિત મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહેવાના છે. જેથી ઘ-રોડ પર ઘ-૩ થી ઘ-૫ સુધીના માર્ગ તારીખ ૦૭ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન સ્થાનિક રહીશોના વાહનો, પ્રવાસી ભારતીય દિવસ અને ગુજરાત વાયબ્રન્ટ સમીટના આમંત્રિતોના વાહનો, સરકારી વાહનો અને ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીઓના ખાનગી વાહનો સિવાયના તમામ ખાનગી વાહનોની અવર-જવર ઉપર પણ જિલ્લા કલેકટરશ્રી દ્વારા જાહેરનામુ બહારપાડીને પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૬૧૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | ૪ |
| | ■ | ■ | ૫ | ૬ | | ■ | |
| ૭ | ૮ | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | | | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૫ | | | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | | | ■ | | ■ |
| | ■ | ૧૯ | | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. થોડું ખાવું તે, ફળાહાર (૪)
૩. ઘરાક, અસીલ (૩)
૫. ધાક-ધમકી, દોર... (૩)
૭. દીદીના પતિ, બનેવી (૩)
૧૦. રૂઆબ (૨)
૧૧. રાગ-આસક્તિ વિનાનું (૪)
૧૨. મુશ્કેલી (૩)
૧૩. ખાંસી, ઉધરસ (૨)
૧૪. 'મારા' ભાવ દર્શાવતું કવિની ભાષાનો શબ્દ (૨)
૧૫. ઝળહળતું (૫)
૧૭. ત્રણ પૈડાવાળી સાઇકલ (૫)
૧૯. (તુચ્છકારમાં) જવું, વટવું (૩)
૨૦. એકલું (૨)

### ઊભી ચાવી

૧. ટૂંકા આયુષ્યવાળુ (૪)
૨. કેન્સલ, બાતલ (૨)
૩. કેરીને હિન્દીમાં... કહેવાય (૨)
૪. મીણમાંથી બનાવેલો દીવો (૪)
૬. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૮. સ્વની કમાણી (૫)
૯. એક પ્રાણી (૩)
૧૦. રોપડા, નાના છોડ (૨)
૧૨. વિશ્રાન્તી, થાક ખાવો તે (૩)
૧૪. રવાના કરવું (૪)
૧૫. ઓસ, તુષાર (૩)
૧૬. યુવાની (૩)
૧૭. બસ જેવું પાટા પર ચાલતું યાંત્રિક વાહન (૨)
૧૮. બેઠક, બેસવાની જગ્યા (૨)

### શબ્દાવલી ૫૬૦૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) કોહરામ (૫) સભર (૮) ટળવળવું (૯) લવા (૧૦) મદ્દ (૧૨) વાનર (૧૩) બારીક (૧૫) મસા (૧૬) ભરવાડ (૧૭) ઇશ (૧૯) મદારી (૨૦) સવા (૨૨) રોનક (૨૩) મુનસફી

**ઊભી ચાવી :-** (૧) કોટવાળ (૨) હળ (૩) રાવ (૪) મળવુ (૬) ભલમનસાઇ (૭) રવાદાર (૧૧) પારીવારીક (૧૨) વામ (૧૩) બારદાન (૧૪) કડ (૧૬) ભમરો (૧૮) શરાફી (૨૦) સમુ (૨૧) વાન

## નામ બદલેલ છે

મારું જુનું નામ પરમાર મફતલાલ ગણેશભાઈ હતું તે બદલીને મારું નવું નામ મારવાડી મફતલાલ ગણેશભાઈ રાખેલ છે.

સ્થળ : બ્લોક નં. ૭૫૮/૧, આઈ.ટી.આઈ., સેક્ટર-૨૪, ગાંધીનગર